# માધ્યમિક શાળાના શિક્ષકોનો સેવાકાલીન કર્મયોગી તાલીમ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ

રવિકુમાર જશવંતભાઈ પટેલ
એમ. ફિલ સ્કોલર,
ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
ગણપત યુનિવર્સીટી, ખેરવા જી. મહેસાણા

## ૧. પ્રસ્તાવના

એકવીસમી સદીના આ ઝડપી યુગમાં સમયની સાથે શિક્ષણમાં પણ વિશેષ ફેરફાર થાય છે. આજે શિક્ષણમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, મનોવિજ્ઞાનના પ્રવેશને કારણે અમૂલ્ય પરિવર્તન થાય છે. શિક્ષણક્ષેત્રે સતત થતા પરિવર્તનોથી વાકેફ રહેવા સજાગ રહેવું જરૂરી છે. વિવિધ નૂતન પ્રવાહોથી વાકેફ રહેવા અને માહિતગાર કરવા એ આવશ્યક બન્યું છે.

શિક્ષકના વ્યવસાય સાથે તાલીમ જોડાયેલી છે તાલીમ અને સેવાકાલીન તાલીમ શિક્ષણની કોલેજોનો તાલીમકાળ દરમિયાનનો અભ્યાસક્રમ ગમે તેટલો હશે છતા પણ શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો તરફ દૃષ્ટિ કરતાં તે જીવનપર્યંત ચાલી ન શકે. શિક્ષકે જ્ઞાનના વિસ્ફોટ સાથે તાલ મેળવવા માટે અન્ય માર્ગો વિચારવા જ પડશે. શિક્ષણ અંગેના નૂતન અભિગમો સિદ્ધાંતો વગેરેથી પરિચિત રહેવું અપેક્ષિત છે. નોકરી દરમિયાન પણ તેણે તેની વ્યવસાયિક કાર્યક્ષમતા અને શૈક્ષણિક ક્ષમતાઓમાં વધારો કરવા માટે ચાલુ નોકરી દરમિયાન મેળવવામાં આવતી તાલીમને સેવાકાલીન તાલીમ કહેવાય છે.

રાધાકૃષ્ણન પંચ (૧૯૫૨-૫૩)ના મતાનુસાર પ્રશિક્ષણાર્થીઓને પ્રારંભના એક વખત પ્રશિક્ષણ આપ્યા પછી પ્રશિક્ષણ પ્રયત્ન અને ભૂલ દ્વારા શીખે છે એટલે જ સેવાકાલીન તાલીમ મહત્વની છે. મુદલિયાર માધ્યમિક શિક્ષણપંચ શિક્ષણ-પ્રશિક્ષણનો કાર્યક્રમો ગમે તેટલા ઉત્તમ પ્રકારનો કેમ ન હોય ? પણ તે દ્વારા ઉત્તમ શિક્ષક ક્યારેય તૈયાર થતા નથી. આ તાલીમ ઓછા અનુભવવાળા શિક્ષકોને પૂરતો આત્મવિશ્વાસ આપીને શિક્ષણકાર્ય આરંભ કરવાની ક્ષમતા જરૂર આપે છે. શિક્ષક પોતાના કાર્યમાં વધુ કુશળતા કેવળ વ્યક્તિગત અને સામૂહિક પ્રયત્નો ને પરિણામે જ પ્રાપ્ત કરી શકે છે. આ માટે શિક્ષકના સેવાકાળ દરમિયાન પ્રશિક્ષણ આપતી સંસ્થાઓએ શિક્ષકને મદદ કરવી જોઇએ.

તાલીમ આપવાનું કાર્ય DIET (ડીસ્ટીક ઇન્સ્ટીટયૂટ ઓફ એજ્યુકેશન ટ્રેનિંગ) અને DEO તેમજ GCERT (ગુજરાત, કાઉ. એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનિંગ) ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને પોતાના વિષયમાં નડતી સમસ્યાઓ ઉકેલવા તેમજ શિક્ષણમાં ગુણવતા સુધારવા કર્મયોગી યોજના દ્વારા શિક્ષક-પ્રશિક્ષણની શરૂઆત કરવામાં આવી જેમાં દર વર્ષ તાલીમી કાર્યક્રમો વધુ અસરકારક બને. ગુજરાત સરકારનું શિક્ષણખાતું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સેવાકાલીન અંતર્ગત વિવિધ પ્રકારની તાલીમ દ્વારા શિક્ષણના પ્રવાહોથી વાકેફ કરે છે. પરંતુ તાલીમ એકબીજા સફળતાનો આધાર નથી. તાલીમ કેવી અપાય છે તેનો હેતુ શો છે ? તાલીમને અંતે હેતુ બરાબર આવે છે કે નહી ? તાલીમ

એ વિષયવસ્તુને અનુકૂળ છે કે નહીં ? શિક્ષકો તાલીમને કઇ રીતે જુએ છે. તાલીમ કેટલે અંશે સફળ છે? તે જાણવા અભ્યાસકે પ્રસ્તુત અભ્યાસ પસંદ કર્યો છે.

૨. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
૨. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.
૩. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ સ્થળ અને વ્યવસ્થા અંગેના અભિપ્રાયો જાણવા.
૪. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ પરત્વેના તાલીમના તજજ્ઞોની ક્ષમતા અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
૫. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ કાર્યક્રમ અંગે અભિપ્રાયો જાણવા.
૬. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમની ઉપયોગીતા અંગે અભિપ્રાયો જાણવા.
૭. માધ્યમિક શાળાના શિક્ષકોના સેવાકાલીન તાલીમ અંગેના અભિપ્રાયો જાણવા.
૮. માધ્યમિક શાળાના શિક્ષકાઓની સેવાકાલીન તાલીમ અંગેના અભિપ્રાયો જાણવા.

૩. અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો નીચે મુજબ હતા.

૧. સેવાકાલીન તાલીમ અંતર્ગત તાલીમના સ્થળ અને વ્યવસ્થા અંગે શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૨. સેવાકાલીન તાલીમની ઉપયોગીતા અંગે શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૩. સેવાકાલીન તાલીમના તજજ્ઞો અંગેના શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૪. સેવાકાલીન તાલીમના અન્ય શિક્ષકો અંગેના શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૫. સેવાકાલીન તાલીમના આયોજન અંગેના શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૬. સેવાકાલીન તાલીમના પ્રવૃત્તિઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
૭. સેવાકાલીન તાલીમના કાર્યક્રમ અંગે આચાર્યોના અભિપ્રાયો શું હશે ?
૮. સેવાકાલીન તાલીમના કાયક્રમ અંગે તાલીમના આયોજકોના અભિપ્રાયો શું હશે ?

૪. અભ્યાસનો વ્યાપ

પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણા તાલુકાના માધ્યમિક શાળાઓમાં ૨૦૧૪-૧૫ દરમિયાન નોકરી કરતા શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ગ્રામ્ય વિસ્તારના સ્ત્રી-પુરુષ શિક્ષકોનો સમાવેશ થતો હતો. નમૂનામાં ૧૦૦ શિક્ષકો, ૧૦ આચાર્યો અને ૦૫ આયોજકોનો યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

૫. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનમાં પ્રવર્તમાન શૈક્ષણિક વાતાવરણમાં આ પ્રમાણે મહત્વ ધરાવતા હતા.

- પ્રયોજકે શિક્ષકની સેવાકાલીન કર્મયોગી તાલીમ અંગે અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરી હતી જે શિક્ષકોના સેવાકાલીન કર્મયોગી તાલીમ કાર્યક્રમો પ્રત્યેનો અભિપ્રાયો જાણવામાં ઉપયોગી બનશે.

- પ્રસ્તુત અભ્યાસ દ્વારા સેવાકાલીન કર્મયોગી તાલીમ કાર્યક્રમોના સ્થળ, વિષયવસ્તુ, તજજ્ઞો, ઉપયોગીતા, તાલીમનું આયોજન, તેમજ તાલીમમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા મળશે.
- પ્રસ્તુત અભ્યાસના તારણો ગુજરાત સરકારશ્રીને ભવિષ્યના તાલીમ કાર્યક્રમ વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ બનશે.
- પ્રયોજકે રચેલ ઉપરકણ કોઈ પણ શિક્ષણ-પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમો અંગેના શિક્ષકોના અભિપ્રાયો જાણવામાં ઉપયોગી બનશે.
- તાલીમ કાર્યક્રમના સૂચનો ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગને ઉપયોગી બનશે.
- તાલીમ આપનાર તજ્જ્ઞો તેમજ કેવળણીકારોને ઉપયોગી થશે.

## ૬. વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એ વ્યકિતઓનું કોઈપણ એવું જુથ છે કે જેની એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ સામાન્ય હોય છે. વ્યાપવિશ્વમાં સુવ્યાખ્યાયિત કરાયેલા વર્ગના લોકો, બનાવો કે વસ્તુઓના બધા જ સભ્યોનો સમાવેશ થાય છે. ટૂંકમાં સંશોધનના તારણો જે સમૂહને લાગુ પાડવાની ધારણા હોય તે સમૂહને વ્યાપવિશ્વ કહેવાય છે. પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણા તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યો અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષક નિરીક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરેલ હતો.

## ૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## ૮. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયવલિનો ઉપયોગ કર્યો હતો.

## ૯. માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા એકત્રીત કરેલ માહિતી વધુ અર્થપૂર્ણ બને, સરળતાથી સમજી શકાય તે માટે તેને વર્ગીકૃત કરી પરિણામ પ્રાપ્ત કરવા માટે પૃથક્કરણ પ્રયુકિતનો ઉપયોગ કર્યો હતો. આ અભ્યાસમાં પ્રયોજક દ્વારા એકત્ર કરેલ માહિતી, અભિપ્રાય સ્વરૂપે મળી હતી. શિક્ષકો, આચાર્યો અને આયોજકો એ આપેલા પ્રતિચારો સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત એમ પાંચ સ્વરૂપે મેળવ્યા હતા.

## ૧૦. તારણો

### ૧૦.૧ શિક્ષકોના અભિપ્રાયોમાં કરેલ પૃથક્કરણ ને અર્થઘટન

તાલીમની સમયાવધિ

- તાલીમનો સમય સવારના આઠથી સાંજના છ સુધીનો હોય છે. તે યોગ્ય છે.
- તાલીમ લેવાના છ દિવસો વધુ શિક્ષકો માટે કંટાળાજનક બને છે.
- કર્મયોગી તાલીમ દર વર્ષ અને અભ્યાસ ક્રમ બદલાય તે અનુસંધાનમાં જ આપવી જોઇએ.

તજજ્ઞીય પાસાં

- નિષ્ણાત અને સુજ્ઞ તજ્જ્ઞો ઉત્સાહ-પૂર્વક તાલીમ આપે છે.
- તજ્જ્ઞોના વ્યાખ્યાનો સમજવા અઘરા અને તેઓ પોતાના વિચારો લાદવા પ્રયત્ન કરે છે.

તાલીમી કાર્યક્રમ

- તાલીમી કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન વિધિનો કાર્યક્રમ લાંબો અને બિનજરૂરી ભાષણોનું પ્રમાણ વધુ હોવાથી કંટાળાજનક બને છે.
- તાલીમી કાર્યક્રમોમાં થતી પ્રાર્થનામાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.
- તાલીમ દરમિયાન અપાતા મોડયૂલ્સમાં વિષયવસ્તુના મુદ્દાઓના અધ્યાપન કાર્યની સુંદર સચોટ રસપ્રદ પ્રવિધિઓ અને પ્રયુક્તિઓ આલેખાયેલી હોય છે.
- તાલીમ દરમિયાન અપાતા પ્રોજેક્ટવર્કમાં શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.
- તાલીમમાં અવનવા શૈક્ષણિક પ્રયોગો અને સાધનોનું સાધનોનું નિદર્શન કરવામાં આવે છે.
- તાલીમની શરૂઆતમાં પૂર્વકસોટી અને અંતે ઉત્તરકસોટી લેવી જોઇએ. ઉતરકસોટી ખેરખર તાલીમ અસરકારક રહી તે જાણી શકાય.
- તાલીમ દરમિયાન થતા સાંસ્કૃત્તિક કાર્યક્રમમાં શિક્ષકો ઉત્સાહભેર ભાગ લે છે.
- તાલીમી કાર્યક્રમમાં યોગ શિક્ષણ ઉપયોગી બને છે.
- તાલીમી કાર્યક્રમ ખૂબ જ આયોજન બદ્ધ હોય છે. પણ કાર્યક્રમોનો અમલ તે પ્રમાણે થતો નથી.
- તાલીમના સંબંધમાં આપવામાં આવતા ભાડા-ભથ્થાથી શિક્ષકોને સંતોષ નથી.
- તાલીમી કાર્યક્રમ એ મોટા ગ્રાંટના વપરાશનો જ કાર્યક્રમ હોય છે.
- તાલીમ દરમિયાન શિખવવાની પ્રવિધિનો વ્યવહારમાં ઉપયોગ થાય છે.
- તાલીમી કાર્યક્રમના અતિરેકથી શિક્ષકો નિરુત્સાહી બને છે.

તાલીમના ફાયદાઓ

- તાલીમમાં શિક્ષકોને પોતાના મૌલિક અને સર્જનાત્મક વિચારો રજુ કરવાનો મોકો મળે છે.
- તાલીમ કાર્યક્રમથી શિક્ષક-શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થાય છે અને અધ્યાપન પદ્ધતિ અંગેની નવી દિશાઓ જાણવા મળે છે.
- તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે.
- તાલીમ દરમિયાન અન્ય શિક્ષકોની સાથે મળવાનું થતાં વિચારોના આદાન-પ્રદાન થાય છે. અને વર્ગકાર્ય ઘણી સમસ્યાઓ તાલીમ કાર્યક્રમ દ્વારા હલ થઇ શકે છે.
- તાલીમમાં વિષયના અઘરા મુદ્દાઓનો સારણીકરણ કરવાની જાણકારી મળતા અધ્યાપન કાર્ય સરળ બને છે.
- તાલીમ કાર્યક્રમથી જે તે વિષયના અનુભવી શિક્ષકના અનુભવનો લાભ મળે છે.
- વિષયને અનુરૂપ મોડયુલ્સની જાણકારી મળે છે.
- નિષ્ણાંતોના પ્રવચનો, વ્યાખ્યાનોને કારણે શિક્ષણની નવી જાણકારી પ્રાપ્ત થાય છે.
- (RP) તરીકેનું કાર્ય કરવાનું થાય તો વિષયનું ઊંડું જ્ઞાન રજૂ કરવાની તક મળે છે.
- પ્રોજેક્ટવર્ક થી જ્ઞાન સમૃદ્ધ બને છે.
- પ્રાયોગિક કાર્ય શીખવાથી પ્રાયોગિક કૌશલ્ય ખીલે છે.
- તાલીમ એ શિક્ષકોના સમયનો ખોટો બગાડ નથી.
- તાલીમ શાળાના નિયમિત શિક્ષણની માઠી અસર પહોંચાડતી નથી.

૧૦.૨ આચાર્યોના અભિપ્રાયોમાં કરેલ પૃથક્કરણ ને અર્થઘટન

- તાલીમ લઇને આવ્યા પછી શિક્ષકો મળેલ તાલીમનો વિષય શિક્ષણમાં ઉપયોગ કરે છે.

- તાલીમમાં શિક્ષકો ઉત્સાહભેર જાય છે.
- શિક્ષકો તાલીમમાં જવાને કારણે વર્ગકાર્યમાં નુકશાન થતું નથી.
- તાલીમ દર વર્ષે અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાને જ આપવી જોઇએ.
- દરેક તાલીમ દરમિયાન રાત્રી રોકાણ હોવું જોઇએ નહી.
- તાલીમમાં લેવાતી પૂર્વકસોટી અને ઉત્તરકસોટી બંને હોવી જોઇએ.
- તાલીમની તારીખ અને સ્થળની સમયસર જાણ કરવામાં આવે છે.
- તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે. અને શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ બને છે.
- તાલીમ દરમિયાન અન્ય શિક્ષકોની સાથે મળવાનું થતાં શૈક્ષણિક વિચારોનું આદાન-પ્રદાન થાય છે.
- તાલીમ એ શિક્ષકના સમયનો ખોટો બગાડ નથી.
- તાલીમથી શિક્ષકો હકારાત્મક અભિગમથી કાર્ય કરે છે.

૧૦.૩ આયોજકોના અભિપ્રાયોમાં કરેલ પૃથક્કરણ અને અર્થઘટન

- તાલીમના સ્થળની ગોઠવણીમાં મુશ્કેલી પડે છે.
- તાલીમના સ્થળે ભોજનની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.
- તાલીમમાં બધા શિક્ષકો હાજરી આપે છે.
- તાલીમ આપનાર (RP) ઉત્સાહભેર તાલીમ આપે છે.
- તાલીમ આપવા માટે જરૂરી બધાં જ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ હોવા અંગે આયોજકોનું સ્પષ્ટ મંતવ્ય નથી.
- તાલીમ આપનારા (RP) પૂરતી તૈયારી સાથે તાલીમ આપે છે.
- તાલીમ દરમિયાન શિક્ષકો શિસ્ત ને અનુસરે છે.
- તાલીમ સ્થળ પર યોગ્ય શૈક્ષણિક ભાવાવરણ હોય છે.
- તાલીમમાં જરૂરી સંદર્ભ સાહિત્ય આપવામાં આવે છે.
- તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય છે.
- તાલીમ દર વર્ષે આપવી જોઇએ.
- પ્રૌઢ શિક્ષકોને તાલીમમાંથી મુક્તિ આપવી યોગ્ય નથી.
- પ્રૌઢ શિક્ષકોને રાત્રી રોકાણમાંથી મુક્તિ આપવી યોગ્ય નથી.

૧૦.૪ શિક્ષકો અને આચાર્યોના અભિપ્રાયોના કરેલ પૃથક્કરણ ને અર્થઘટનને આધારે તારણો

પ્રસ્તુત અભ્યાસમં અમુક વિધાનો શિક્ષકોની અભિપ્રાયાવલિ અને આચાર્યોની અભિપ્રાયાવલિમાં સમાન હતા. આવા સમાન વિધાનો પર શિક્ષકો અને આચાર્યો બંને એ આપેલ પ્રતિચારને આધારે તારણો નીચે પ્રમાણે હતા.

- તાલીમ દર વર્ષે આપવી જોઇએ. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- તાલીમ અભ્યાસક્રમ બદલાય તે અનુસંધાને જ આપવી જોઇએ. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- દરેક માટે તાલીમ દરમિયાન રાત્રીરોકાણ હોવું જોઇએ નહિ. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.

- તાલીમમાં લેવાતી પૂર્વકસોટી અને ઉત્તરકસોટી બંને હોવી જોઇએ. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- તાલીમ કાર્યક્રમથી શિક્ષણના નવા પ્રવાહોથી વાકેફ થવાય છે. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- તાલીમથી શિક્ષકોની કાર્યક્ષમતા વિકસે છે. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- તાલીમ દરમિયાન અન્ય શિક્ષકોની સાથે મળવાનું થતા વિચારોનું આદાન-પ્રદાન થાય છે. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.
- તાલીમ એ શિક્ષકોના સમયો ખોટો બગાડ છે. એ બાબત માટે શિક્ષકો અને આચાર્યો બંને હકારાત્મક અભિગમ ધરાવે છે.

૧૦.૫ શિક્ષકો, આચાર્યો અને આયોજકોના અભિપ્રાયોના કરેલ પૃથક્કરણ ને અર્થઘટનને આધારે તારણો

પ્રસ્તુત અભ્યાસમાં એક વિધાન શિક્ષકો, આચાર્યો અને આયોજકોએ આપેલ પ્રતિચારને આધારે તારણ નીચે પ્રમાણે હતું.

- તાલીમ સ્થળ પર યોગ્ય શૈક્ષણિક ભાવાવરણ હોય છે. એ બાબત માટે શિક્ષકો, આચાર્યો અને આયોજકો ત્રણેય હકારાત્મક અભિપ્રાય ધરાવે છે.

સંદર્ભસૂચિ

૧. આચાર્ય, મોહીની (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.
૨. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર, અમદાવાદ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
૩. ________.(૨૦૦૪). શિક્ષણ અને વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.